સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

સલામી સવારની..

ઈ ગાજે એવું જાણે આજે જ ગ્રાંટ છૂટી પડશે !
કડાકા થાય એવા જાણે હમણાં જ તૂટી પડશે !
ફૂટી જશે ફૂગ્ગો વિકાસની હવાનો ચૂંટણીમાં -
આશામાં આવસે 'આસો' આગાહીઓ ખૂટી પડશે !
(હવામાન ને રાજકીય સામ્ય)

હાઈકુ

મોસાળે છે 'માં'
પણ પીરસે નહીં -
કહેવું કોને ?
(કેન્દ્રની અવગણના)

પાડે છે તેડાં
ચૂંટણીની ચોપાટે
મરે છે મ્હોરાં...
(બાવળિયા વિ. કલસરીયા)

ચિંતન

सत्याभिसन्धा नरतो विमुक्तो महत्त्वमात्मीयमुपैति नित्यम् ।
मिथ्याभिज्ञान्धानरतस्तु नश्येद् दृष्टं तदैतद्देद्योर मोरयोः ॥

ઉપરોક્ત શ્લોક છાંદોગ્ય ઉપનિષદમાંથી લેવામાં આવેલ છે.

જે સત્યના અભિસંધાનમાં રત રહે છે તે મુક્ત બની આત્માનું નિત્ય મહત્ત્વ પામે છે, જે મિથ્યા ભૌતિક પદાર્થોના જ ચિંતનમાં રત રહે છે. તે નાશ પામે છે. આ હકીકત ચોર અને અચોરના દૃષ્ટાંત પરથી સ્પષ્ટ થાય છે.

સિપાહી ચોરીના શક પરથી બે વ્યક્તિને પકડે છે. ને તેમને તપાવેલું લોટું પકડવા જણાવે છે. ત્યારે જેણે ચોરી કરી હોય તે લોટાને પકડતાં દાઝે ને જેણે ચોરી ન કરી હોય તે ન દાઝે. દાઝેલાને ચોર સમજી સજા થાય ને નહીં દાઝેલાને નિર્દોષ સમજી છોડી મુકાય છે. આ રીતે પોતાને બ્રહ્મ સમજનાર સત્યગ્રાહી હોવાથી મુક્ત થાય છે અને તેથી ઉલ્ટું સમજનાર બંધનમાં પડે છે.

સુવિચાર

- પાપ ચોક્કસપણે ખરાબ છે, પણ એનાથીય ખરાબ છે, પુણ્યનો અહંકાર - **એસ. ભટ્ટાચાર્ય**
- શરીર એક ખેતર છે, કર્મ છે કિસાન, પાપપુણ્ય બે બીજ છે, શું વળ્યું એ તું જાણ - **અમૃતબિંદુ**
- ખુમારી તથા તુમાખી વચ્ચે એક પાતળી લક્ષ્મણરેખા હોય છે.
  એ ઓળંગી જાય પછી છે માત્ર તબાહી... તબાહી... - **ભૂપત વડોદરિયા**
- છાશ અને તકરારમાં એક સામ્ય છે. બંને જેટલો લાંબો રહે એટલે બંને ખાટી બને - **ઈશિતા**
- વિચાર વિહોણા શબ્દો વાયરા વિનાના સઢ જેવા છે... - **જ્યોતિન્દ્ર દવે**
- હાથી અંકુશથી, ઘોડો લગામથી, ગધેડો ડફણાથી,
  પણ માણસ તો સંયમથી જ વશમાં રહી શકે - **આચાર્ય વિજયરત્ન સુંદરસૂરીશ્વરજી**
- આજનું ઔષધ : અતિવીખની કળી તથા વાવડીંગને પીસીને તે પાઉન્ડ મધ સાથે બાળકોને ચટાડવાથી કૃમિ મટે છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

જયારે ઈશ્વર ભક્તિમાં સંસારનો ત્યાગ કરવામાં આવે પછી તેમાં સહેજેય અવિશ્વાસ રાખવો જોઈએ નહિ. પૂર્ણ શ્રદ્ધા સાથે કરેલી ઈશ્વરભક્તિથી જ ઈશ્વર પ્રાપ્ત થાય છે. શ્રીચંદને વૈરાગ્ય લાગ્યો. હિમાલય જવાનું નક્કી કર્યું. પત્ની એ પણ સાથે આવવા હઠ કરી. શ્રીચંદે કહ્યું હું તમને સાથે લઈ તો જઉં પણ એક પણ સ્તુ સાથે લેવાની નથી. બંને નીકળ્યા. ખૂબ ચાલ્યા. થાકીને બેઠા. નદી કિનારે બેસી ધ્યાન કરવા લાગ્યા. નદી કિનારે કામ કરનારા ને થયું આ લોકો ભૂખ્યા હોવા જોઈએ ચાલો એમને પણ જમવાનો આગ્રહ કરી જોઈએ. એમના એક જણે કહ્યું, 'પધારો અને અમારી સાથે જમો.' શ્રીચંદે સામો સવાલ કર્યો. 'ભોજન કોણ કરાવશે ?' પેલા માણસે કહ્યું, 'હું કરાવીશ.' શ્રીચંદે વિચારીને કહ્યું, 'આ હું હું કરનાર વ્યક્તિનું ભોજન કરવું ન જોઈએ.' એટલે શ્રીચંદે પેલાને ના પાડી દીધી. ઘણો સમય વિત્યો જમવાનું લઈને કોઈ ન આવ્યું એટલે શ્રીચંદે પત્નીને કહ્યું, 'તપાસ કરો આપણા થેલામાં આવસે તો આ સોનાની વીંટી મેં સંકટ સમય માટે સાથે લીધી હતી.' શ્રીચંદે કહ્યું, 'હવે હું સમજી ગયો કે તમને ઈશ્વર પર પૂર્ણ શ્રદ્ધા નહોતી એટલે પરમાત્માએ અત્યાર સુધી આપણા ભોજનની વ્યવસ્થા નથી કરી.' શ્રીચંદે વીંટી પાણીમાં ફેંકી દીધી અને ફરી ધ્યાનમાં બેસી ગયા. ત્યાં થોડીક વારમાં સંઘ નીકળ્યો. એમના એક જણે આવીને ભોજન માટે આગ્રહ કર્યો. શ્રીચંદે ફરી એ જ પ્રશ્ન પૂછ્યો, 'ભોજન કોણ કરાવશે?' પેલા માણસે કહ્યું, 'જે પ્રભુએ પ્રેરણા આપી એ જ ભોજન કરાવશે.' શ્રીચંદ્ર રાજી થયા અને સંઘના ભક્તો જોડે ભોજન કરવા તૈયાર થયા.

પાકિસ્તાનમાં હિંસા લોકશાહીને લજવે છે

તંત્રીસ્થાનેથી...

પાકિસ્તાન આખરે ન જ સુધર્યું ! ચૂંટણી ટાણે જ એ લોહિયાળ બનતું રહ્યું છે એ પરંપરા એણે ૨૦૧૮ના જુલાઈ માસમાં પણ બરાબર અકબંધ રાખી છે. પાકિસ્તાનની બીજી એક તાસીર પણ જળવાઈ છે. એ પોતાના વડાપ્રધાનો સાથે પણ અત્યંત ક્રૂર વર્તાવ કરતું રહ્યું છે. પહેલાં તો આ ભારતના જ એક સમયના અભિન્ન અંગ જેવો પ્રદેશ લોકશાહીને શરૂથી જ ન પચાવી શક્યો. એના જન્મદાતાને પણ મૃત્યુ પૂર્વેના સમયગાળામાં આ બાબતનો અહેસાસ થઈ ગયો હતો. મૂળે કાઠિયાવાડી ખોજા એવા જનાબ મહમદ અલી ઝીણાને તો પાકિસ્તાનને એક આદર્શ રાષ્ટ્ર બનાવવું હતું. ધર્મના નામે અલગ રાષ્ટ્રની એમની માગણી અલબત્ત એમની મૂળ પ્રકૃતિની વિરુદ્ધ હતી. 'કાયદે આઝમ' ના હુલામણા નામે જાણીતા આ મેધાવી બેરિસ્ટરે પાકિસ્તાનની અલગ દેશ તરીકે માગણી કરી એ પોતાની જિંદગીની હિમાલય જેવડી ભૂલ હતી એવી નિખાલસ કબૂલાત મરણ પથારીએ પડ્યાં પડ્યાં કરી હતી પરંતુ અબ પછતાયે હોત કયાં જબ ચિડિયા ચુગ ગઈ ખેત ? એમની રજૂઆત પર ત્યારે પાક આર્મીનો લોખંડી પંજો હતો. પાકિસ્તાનને સાચી લોકશાહી નસીબ જ ન થઈ શકી. ચૂંટાયેલા વડાપ્રધાનો આજપર્યંત કાં તો મોટા જમીનદાર પરિવારોમાંથી આવ્યા છે કાં તો આર્મીમાંથી ! ભારતમાં અલબત્ત એક ખાસ પરિવારનું લાંબા સમય સુધી શાસન રહ્યું પરંતુ એમાં કયાંક લોકશાહીનો નકાર નહોતો. પ્રજાએ જ પંડિત નહેરુથી લઈ રાજીવ ગાંધી સુધીના વડાપ્રધાનો ચૂંટ્યા હતા. પાકિસ્તાનમાં જૂનાગઢથી ગયેલા ભુટ્ટો પરિવારનું પણ રહ્યું. આર્મી ચીફમાંથી અય્યુબખાન, ઝિયા કે મુશર્રફ રાષ્ટ્રના વડા બન્યા. દરેકનો અંજામ દુઃખદ જ રહ્યો. ભુટ્ટોને ફાંસીના માંચડે લટકાવી દેવાયા, એમનાં રાજકીય વારસદાર પુત્રી બેનઝીરને ચૂંટણીની રેલીમાં જ વધેરી નંખાયાં. નવાઝ શરીફ અત્યાર સુધીના પાકિસ્તાની નેતાઓ પૈકી સૌથી વધુ શરાફતવાળા મનાતા હતા. ભારત સાથે સારા સંબંધો રાખવા માટે એ હંમેશા ઉત્સુક રહેલ છે. એમને એક વાર આર્મીના વડા મુશર્રફે ઉથલાવ્યા અને હમણાં પનામા પેપર્સના મુદ્દે એમને બરતરફી સાથે દસ વરસની સજા તથા દંડ ફટકારાયો છે. બીમાર પત્નીની લંડન ખાતે ચાલતી સારવાર છતાં ચૂંટણી પ્રચાર માટે આવતાની સાથે ગિરફતાર કરાયા છે. પાકિસ્તાન તે આનું નામ ! કોણ જાણે એને લોકશાહી પચી જ નથી ! અલબત્ત, પનામા પેપર્સમાં એમને મની લોન્ડરિંગ મુદ્દે આરોપ લગાવતાંની સાથે પાક સુપ્રીમ કોર્ટ જેટલી સક્રિય થઈ એટલી સક્રિયતા હિંદુસ્તાનમાં કોઈ પણ સ્તરે કયારેય વરતાઈ નથી, એની પણ નોંધ લેવી જ રહી.

ઓરી અને રૂબેલાની રસી એ શું ષડયંત્ર છે...?

તન દુરસ્તી
મહેન્દ્ર ગજ્જર
ડૉ. દિનેશ રાઠોડ

ભાઈ તમે વાતો મોટી મોટી કરો છો પણ રસી કેટલી મૂકાવવી. રસીઓના નામથી થાકી જવાય છે. કંઈક હોય ને આની રસી મુકાવી દો, આની રસી મુકાવી લો એટલે કે કમળાની રસી મુકાવો, ટાઈફોઈડની રસી મુકાવો, નિમોનિયાની રસી મુકાવો, પોલિયોની રસી મુકાવો અને પાછી આ નવી રસી કે એમ.આર. રસી આમાં તો ખબર નથી પડતી કે ખરેખર રસીના ફાયદા થાય છે કે ડૉક્ટરોના ઘર ભરે છે. એક આ ધંધો તો નથી થઈ ગયો ને ? હમણાં તો કમળાની રસી પણ ચાલી છે. પણ લ્યો બનાવોને તમારામાં તાકાત હોય તો મેલેરિયાની રસી બનાવો. પણ ના મેલેરિયાની રસી તમે બનાવી શકતા નથી. પોલુ તો સૌએ વગાળ્યા, સાંબેલુ વગાડો તો સાચું. બનાવોને મેલેરિયાની રસી. આ તો જરા આમ જ હળવાશમાં ખરેખર આપણા વિજ્ઞિનકો થોડા સમયમાં મેલેરિયાની રસી પણ શોધી નાખશે. રસી બનાવવી એ એક સમાજ માટે અગત્યનું કામ છે અને એ અગત્યના કામને આપણે વધાવવાનું છે. એટલે કે જેટલી શક્ય હોય એટલી રસી મુકાવવી જોઈએ. ભારતમાંથી પોલિયો લગભગ જતો રહ્યો. કેમ કે પોલિયોની રસીથી આપણું ભારત પોલિયોમુક્ત થયું. સાહેબ ઘણાં દેશો એવા છે કે જેમાં પોલિયો જેવા ખતરનાક વાઈરસ છે જ નહીં એનું કારણ પોલિયોની રસી. હવે સરકારશીએ ૧૫ જુલાઈથી ૧૫ ઓગસ્ટ સુધી એમ.આર. રસી એટલે કે ઓરી અને રૂબેલાની રસીનું એક રાષ્ટ્રવ્યાપી અભિયાન શરૂ કરેલ છે. તો ખાસ કરીને ૯ મહિનાથી ૧૫ વર્ષ સુધીના બાળકોને રસી મૂકાવવી આપણા જ ભવિષ્યના આપણે ઉજ્જવળ કરવાનું છે. સવાલ એ થાય કે કેમ જુલાઈ અને ઓગસ્ટ મહિનામાં જ કેમ. એના માટે સરકાર પોતાને જ ખ્યાલ નથી કે જેમ કે પોલિયોની રસી આખા દેશમાં એક જ સાથે આપવામાં આવે છે એવી એમ.આર.ની રસી એટલે કે ઓરી – અછબડાની રસી આખા દેશમાં એક જ સાથે કેમ કરવામાં નથી આવતી. જોકે એનું કારણ બરાબર મળતું નથી. શું કારણ હોઈ શકે ? ક્યાંક ચૂંટણી હોય ત્યાં જ રસીકરણનું કામ કરકાર કરે છે, ક્યાંક ફંડ મળે તો જ આ કામ થાય છે, ખબર નહીં પણ આપણું કામ એક જ છે કે આપણે આપણા બાળક નવ મહિનાથી ૧૫ વર્ષ સુધીના હોય તેમને સ્કૂલમાં જઈને રસી મૂકાવવી. એ આપણો ધ્યેય હોય અને નક્કી કરવું જોઈએ કે આપણા ઓછાં માં ઓછા ૧૫ થી ૨૦ બાળકોને રસી મૂકાવવામાં મદદ કરીએ. જેને લઈને આપણા ગાંધીનગર જિલ્લાના ૧૦૦ ટકા બાળકોને આનો લાભ મળે. ઓરી અને રૂબેલા એ સમાજને ખૂબ જ નુકસાન કરી શકે છે અને માટે જ એનું રસીકરણ કરવું જરૂરી છે. જો રસી ન લેવામાં આવે તો જેમ સંજયને અઠવાડિયામાં જ જાન ગુમાવવી પડી એ ન ગુમાવવી પડી હોય. ઓરીના વાઈરસથી મગજ ઉપર ખૂબ જ નુકસાન થાય છે અથવા મગજ મરી પણ જાય છે. નિયમોનિયા થાય છે અને જેના લીધે પણ અવસાન થઈ શકે છે. અને આ ચેપી રોગ છે. જેને જો ન અટકાવવામાં આવે તો ઘરના બીજા બાળકોને આ રોગ થવાની પૂરેપૂરી શક્યતા રહેલી છે. ઓરીની બીજી કોઈ દવા મળતી નથી. રોગપ્રતિકારક શક્તિ જો ખરાબ હોય તો મોત નક્કી જ છે. ફક્ત રસી જ એને બચાવી શકે તેમ છે. એટલે રસી મૂકાવવી ફરજિયાત કરવી જોઈએ. એવી જ રીતે રૂબેલામાં પણ રસી સિવાય છૂટકો નથી. બહેનો જો સારી અને નોર્મલ જોખમ સિવાયની ડીલેવરી કરાવવી હશે તો રૂબેલાની રસી મૂકવી ફરજિયાત છે.

આપણે ઉપર જોયું તેમ રસી માટે લોકોના મગજમાં ઘણી બધી અનશ્રદ્ધાઓ રહેલી છે. જે આપણે નાબૂદ કરવાની છે. જેમ કે, રૂબેલા અને ઓરીની રસીનું તકેદારી અને અસરકારકતાનું પરીક્ષણ કરવામાં આવ્યું નથી. વિશ્વભરમાં કરોડો બાળકોને સુરક્ષિત રીતે એમ.આર. રસીથી રક્ષણ આપવામાં આવે છે. અત્યારે આપવામાં આવતી એમ.આર.ની રસી એ દુનિયામાં સર્વશ્રેષ્ઠ છે. લોકો એવું માને છે કે એમ.આર.ની રસીનું ઉત્પાદન બહારના દેશમાં થાય છે અને ભારતના બાળકો પર તેનું પરીક્ષણ કરવામાં આવે છે. પણ ના એ ખોટું છે. એ રસી ભારતમાં જ ઉત્પાદન થાય છે અને તેને સેન્ટ્રલ ડ્રગ્સ સ્ટાર્ટન્ડ કંટ્રોલ ઓર્ગેનાઈઝેશન ઓફ ભારત દ્વારા પરવાનો આપવામાં આવ્યો છે. આમ તો, ઉધું છે કે બાકીના બીજા દેશોમાં ભારતમાંથી રસીનો પુરવઠો પૂરો પાડવામાં આવે છે. આ રસી કોઈ મુસલમાન કે હિન્દુ માટે નથી. આ રસી સમગ્ર ભારતના બાળકો માટે છે એવું કોઈ ષડયંત્ર નથી જેનાથી મુસ્લિમ સમુદાયના બાળકોને નુકસાન થાય. એમ.આર.ની રસી રૂબેલા રોગ અને રોગ સાથે સંકળાયેલી સમસ્યા જેવી કે વિકલાંગતા અને અકાળે મૃત્યુ સામે રશ્કણ પુરું પાડે છે. એમઆર અભિયાન દેશભરમાં ઓરીને નાબુદ કરવા અને રૂબેલાને તથા જન્મજાત રૂબેલા સિન્ડ્રોમ (સીઆરએસ)ને નિયંત્રિત કરવા માટે હાથ ધરવામાં આવી રહ્યું છે.

(ક્રમશઃ)

એક લડકી કો દેખા તો ઐસા લગા જૈસે ખીલતા ગુલાબ

મોરપીંછના રંગ
ડૉ. કનૈયાલાલ ભટ્ટ

એક અદભુત અને સુંદર છોકરી
તાજા ફૂલોના રસથી ભરેલી જાણે આરસની પૂતળી જોઈ લો.

એનું દેહલાલિત્ય એકદમ આકર્ષક અને પૂર્ણ રીતે ઢંકાયેલું હોવાથી એને જોઈ કોઈ વિકારભાવ મનમાં ના જાગે અને જો સાચા સૌન્દર્યની પરખ હોય તો એને જોઈને આપણા મનમાં ઈશ્વર પ્રત્યે અહોભાવ જાગે કે એણે આવી સુંદર કલાકૃતિનું સર્જન કર્યું. ભક્તને ઈશ્વર પામવાની ઈચ્છા થાય તેમ એને પામવાની, એની સાથે વાતો કરવાની, એને જોવાની, એને મળવાની ઈચ્છા સતત રહ્યા કરે. એનો વર્ણ આમ ધરતી જેવો, પણ સહેજ તડકે એની ત્વચાની અંદર રહેલા લાલ લાલ રક્તકણો ઝબકી ઊઠે એટલે લાલાશથી આખું દેહસૌન્દર્ય દીપી ઊઠે. આંખો મોટાભાગે ઢળેલી રાખે કારણ કે મોટી અને ઊંડાણભરી આંખોમાં કોણ જાણે આંસુઓના કેટલાંય સમંદરો ભરીને રાખ્યા હશે, પણ એની આંખોની આસપાસ પથરાયેલી થોડી શ્યામલતા કદાચ એના જીવનની પીડા અને સંઘર્ષનું પરિણામ હોઈ શકે, પણ જેમ પુનમનો ચન્દ્રમા પોતાનામાં સહેજ ડાઘ હોવા છતાંય પૂર્ણરૂપે ખીલીને આખી ધરતીને શાતા આપે છે તેમ એના ચહેરા ઉપર જ્યારે હાસ્ય પૂર્ણરૂપે પ્રગટે છે ત્યારે જોનાર કોઈપણને હૈયે શાતા વળે છે. જો કે એની આંખોની આસપાસની શ્યામલતાની વેદના - પીડા પોતે જ પીને આંખોમાં ઉભરાતા આંસુઓને આંખોમાં પાછા ધરબીને જાતે જ હસતા ચહેરાએ એક સેલ્ફી લઈને ફેસબૂક ઉપર અપલોડ કરી દે છે અને સૌ માની લે છે કે આ છોકરી ખુબ જ ખુશ છે.

દુઃખ અને દર્દ છૂપાવવાની એની કળા કાબિલેતારીફ છે. હું જ્યા સુધી એને જાણું છું. ત્યા સુધી વિકટમાં વિકટ પરિસ્થિતિ એને હરાવવા મથી છે. અને એક સમયને માટે, એક ક્ષણ માટે એને હરાવી પણ દીધી છે. એને અંદરથી તોડી પણ નાખી છે. એના આંતરિક વિશ્વને છિન્નભિન્ન કરી નાખ્યું છે. એના મનોરાજ્યની બધી જ સંપતિ કદાચ પરિસ્થિતિએ કે નિયતિએ લૂંટી લીધી છે. પણ આ છોકરી ફિનિક્સ પંખી જેવી છે. અને આમ પણ નારીશક્તિને કોણ હરાવી શક્યું છે ? નિયતિ ભલે એનું બધુ વિસર્જન કરવા ઈચ્છતી હોય પણ એણે ધીમે ધીમે વિસર્જનમાંથી સર્જન કરીને કે ચહેરા ઉપર બનાવટી હસતો ચહેરો પહેરીને વ્યક્તિત્વને એક નવું આવરણ પહેરાવીને, દેહસૌન્દર્યને એકદમ ઢાંકી દઈને તૂટેલા હૃદયે દૃઢ નિર્ધાર સાથે નિયતિ સામે લડતી રહી છે. જો કે એ અંદરથી સાવ તૂટી ગઈ હોય એવું લાગે, કોઈ નવો ઉમંગ, ઉત્સાહ કે ઊર્જા ક્યાંક ખોવાઈ ગયા હોય એવું લાગે.કેમ કે એણે પોતાની જાતને મૌનના પીંજરામાં કેદ કરી લીધી છે.

આમ કહેવામાં આવે છે કે સ્ત્રીઓના મનને બ્રહ્મા પણ જાણી શક્યા નથી. પણ આ સ્વપ્નિલ છોકરીનું મન લીલા નાળિયેર જેવું છે. ઉપરથી એકદમ કઠોર લાગે પણ અંદરથી એકદમ મીઠું ને મલાઈ જેવું અને એકદમ સ્વચ્છ, નિશ્ચલ અને નિર્મળ... માત્ર એમાં એણે ભારોભાર પોતાની પીડા છુપાવીને રાખી છે. એટલું જ. બાકી બધુ જ પારદર્શક... એ પીડા કંઈ છે ? શા માટે છે ? કેવી રીતે છે ? કેમ છે ? ક્યાં સુધી છે ? ક્યારથી છે ? આવા અનેક પ્રશ્નો આપણા મનમાં ખડા થાય અને પુછીએ તો " સ્માઈલનું ચિત્ર " બતાવી દે અથવા હોઠો પર સ્મિત લાવી દે. પણ જરા ધ્યાનથી જોતા એની આંખોના ઊંડાણમાં કોઈ વણછૂપી વેદનાના પડઘાઓ આપણને અચૂક સાંભળવા મળે. સાવ નાની ઉંમરે મૌન એને કંઈ રીતે પ્રિય થઈ ગયેલું એ વાત જવા દઈએ તો એનું મૂળ રૂપ તો ચંચળ – બોલકું અને ઊર્જાથી ભરેલું. પણ કોઈ એક ઘટનાએ એના આ સ્વભાવને મૌનનું તાળું મારીને કેદ કરી દીધો હોય એવું લાગે. એના મનમાં અનેક રંગો, તરંગો, અને મસ્તીના સુરંગો હોવા છતાંય એ ધૂળેટીને દિવસે રંગને સ્પર્શ સુધ્ધા નથી કરતી . જેને પતંગિયાની પાંખો જેવા રંગીન સપનાઓ હોય એના જીવનમાં નિયતિ બ્લેક એન્ડ વ્હાઈટ દૃશ્યો શા માટે મોકલતી હશે ? ક્યારેક તો મને ય નિયતિની આ ક્રુરતા ઉપર ગુસ્સો આવે છે. જો હું દૂર્વાસા હોત ને તો તો નિયતિને ક્યારનો ય શાપ આપી દીધો હોત કે.... પણ હું ય જાણું છું કે નિયતિ પોતે ય અંદરથી ઈચ્છતી હોય છે કે એ જેની પરીક્ષા લેતી હોય છે એ જીત મેળવે, અને એને જીતાડવા ઘણીવખત ખુદ નિયતિ જ એની સામે અનેક રસ્તાઓ ખુલ્લા કરતી હોય છે.

આ છોકરીનું હાસ્ય એટલે ફૂલોનો રસ પીને ઊડતા પતંગિયાઓની પાંખોનો પમરાટ, એનો સૂરિલો અવાજ જાણે ચોવીસ કેરેટના શુદ્ધ સોનાના રણકતા સિક્કાઓનું ખનખનનનનન. એના અવાજની મીઠાશ આગળ મધ પણ ફિક્કું લાગે, એ જ્યારે ફોન પર આપણી સાથે વાત કરે તો બાળપણની મુગ્ધતા, રમ્યતા અને દિવ્યતાનો અનુભવ થાય. વાક્ચાતુર્ય, સમજણ, સંસ્કાર અને સુશીલતા પામી શકાય. એના અવાજની શુદ્ધતા પ્રમાણવા માટે માત્ર શુદ્ધ હૃદય જોઈએ. તો જ એ પ્રમાણી શકાય. એ બોલે એટલે સૂર્યના પહેલા કિરણોના સ્પર્શથી બગીચામાં ફૂલો ખીલી ઊઠે, માળામાંથી બહાર નીકળી પક્ષીઓ ટહુકવા લાગે, પહાડમાંથી ઝરણાઓ ખળખળ વહેવા લાગે, આપણા અસ્તિત્વની અંદર પ્રેમના – લાગણીના અનેક રંગોની રંગોળીઓ પુરાવા લાગે, લાભ શુભના સાથિયા ચિતરાવા લાગે, એના પ્રથમ સ્પર્શની કલ્પના કરતા જ... આપણા રૂવે રૂવેથી રાતરાણીના ફૂલોની મહેક પ્રસરવા લાગે, મનના મંદિરમાં ચારે તરફ ગાયના ઘીના દીવાઓ પ્રજ્વલિત થઈ જાય. અનેક મોરલાઓ કળાઓ કરવા લાગે, પહેલા વરસાદના છાંટણાથી ધરતીની ધૂળ સુગંધિત બને એમ આપણું આખું અસ્તિત્વ સુગંધિત બની ઊઠે, એના સ્પર્શથી જીવતરના તમામ દુઃખોમાંથી મૂક્તિ મળ્યાની અનુભૂતિ થાય. એનું આલિંગન એટલે નવોદિત સર્જકને અચાનક મળેલો જ્ઞાનપીઠ પુરસ્કાર. એના ખુલ્લા વાળ અને ખોળામાં માથું રાખી સુવાના સુખની કલ્પના જ 'કભી કભી મેરે દિલ મેં ખયાલ આતા હૈ - કિ જૈસે તુજ કો બનાયા ગયા હૈ મેરે લિયે' ગીતની યાદ તાજી કરાવે છે. અને સ્વપ્નનું સત્યમાં રૂપાંતર કરવાની કામના જગાવે છે.

૨૧મી સદીમાં યુવાન બનેલી આ છોકરીએ એની સમજણ અને સંસ્કારને આજે પણ જાળવી રાખ્યા છે. વ્યવહાર, આદર અને વિચારોમાં હંમેશાં બીજી છોકરીઓથી આગળ રહેતી આ સુંદર છોકરીની શારિરીક ઊંચાઈ પણ સાડા પાંચ ફૂટથી વધારે હશે પણ એની સમજણની ઊંચાઈ એવરેસ્ટથી પણ ઊંચી છે. કેમ કે એનામાં બાળપણ અને પીઢતા બન્ને એક સાથે છે. તો વળી બુદ્ધિ, લાગણી અને સમજદારીનો ત્રિવેણી સંગમ મને આ છોકરીમાં જોવા મળ્યો છે. પાશ્ચાત્ય સંસ્કૃતિમાંથી જન્મેલ ઈન્ટરનેટ - ફેસબૂક - વોટ્સપએ જ્યારે ભારતીય સ્ત્રીઓના પ્રાકૃતિક સૌન્દર્ય 'શરમ'ને સાવ છીનવી લીધું છે ત્યારે આ નવી પેઢીની છોકરીએ પોતાની 'શરમ' ને સાચવી રાખી છે. આજે આ યુગમાં શરમાતી છોકરી જોવી એટલે જગતનું પરમ આશ્ચર્ય પામવું અને એ આશ્ચર્ય આ છોકરીના ચહેરા ઉપર, આંખોમાં "શરમ" રૂપે જોઈને આપણે આપણી જાતને ધન્ય બનાવી શકીએ છીએ. એની પ્રેમ કે લાગણી વ્યક્ત કરવાની રીત પણ સાવ અનોખી એક પણ શબ્દ બોલ્યા વિના એ આપણને પ્રતીતિ કરાવી દે. સામાન્ય રીતે

અનુસંધાન પાના નં ૭ પર

થામ લુઆંગ નાંગ નોન : જાકો રાખો સાઈયા માર શકે ના કોઈ...!

રગળપાટ
અજય ઉપાધ્યાય

'અમને ખબર નથી કે આ ચમત્કાર છે, વિજ્ઞાન છે કે બીજું કૈક છે, પણ હકીકત એ છે કે ૧૨ ખેલાડીઓ અને કોચ સહીત ૧૩ લોકો ગુફામાંથી સહીસલામત બહાર આવી ચુક્યા છે 'અંદર ઘોર અંધારું... ઓક્સિજનની અછત... ખાવાની અછત... ચોતરફ પાણી જ પાણી...ગુફામાં કાદવનું સામ્રાજ્ય...બહાર મુશળધાર વરસાદ... એક માણસ પણ માંડ પસાર થઈ શકે એટલી જગ્યાવાળી ગુફા અને એ ગુફામાં છેક ઊંડે લગભગ ૪ કિમી દુર ફસાયેલા હજુ મૂછનો પણ દોરો નથી ફૂટ્યો એવા ૧૬ વર્ષથી નીચેના ૧૨ ઉગતા ફૂટબોલ ખેલાડીઓ અને એનો ૨૫ વર્ષનો કોચ.... અને બધાના મનમાં એક જ બીક... અહીંથી બહાર જીવતા નીકળાશે કે નહી?' છે ને કોઈ થ્રીલર ફિલ્મ જેવી સ્ટોરી...! પણ આ થ્રીલર સ્ટોરીની ઓરીજીનલ સ્ક્રીપ્ટ એ હતી કે આટલી મુશ્કેલ જગ્યાએ ફસાયેલ લોકોને કાઢવા લગભગ અશક્ય કામ હતું. મોટાભાગનાને તો એમ જ હતું કે આ બધા જ લોકોની ગુફામાં જળસમાધી થઈ જવાની..!

પણ કહે છેને કે 'રામ રાખે તેને કોણ ચાખે 'બિલકુલ એવું જ થયું થાઈલેન્ડની થામ લુઆંગ નાંગ નોન ગુફામાં ૨૩ જુનથી ફસાયેલા સ્થાનિક અન્ડર ૧૬ ફૂટબોલ ટીમના ૧૨ ખેલાડીઓ અને એમના કોચ સાથે. એવું મનાય છે કે ૨૩ જુનના રોજ થાઈલેન્ડની ચોથી સૌથી મોટી ગુફામાં આ બધા જ લોકો ટીમના જ એક સાથી ખેલાડી મેટનો જન્મદિવસની સરપ્રાઈઝ પાર્ટી માટે ગયેલા. આ ખબર એટલે પડી કે તબિયત ઠીક ન હોવાથી ટીમનો ઓર એક મેમ્બર ગેમ તે દિવસે ગુફામાં નહોતો ગયેલો. ગેમનું કહેવું છે કે અમે આ પહેલા ત્રણ વાર આ ગુફામાં ગયેલા અને દર વખતે અમે પુરતી તૈયારી જેવી કે ટોર્ચ, ખાવાનો સમાન વગેરે લઈને જ જતા. ગેમ કહે છે કે અમે ટ્રેનીંગ સેશન માટે અથવા બર્થડે સેલિબ્રેશન માટે ગુફામાં જઈ ચુકેલા હતા. પણ આ વખતે નિયતીએ કૈક અલગ જ ધારેલું એમના માટે. જો કે શા માટે બાળકો ગુફામાં ગયેલા એ હજુ રહસ્ય છે પણ સ્થાનિક દુકાનદારના કહેવા મુજબ આ લોકોએ લગભગ ૨૨ ડોલરની ખાવા-પીવાની ચીજો ખરીદેલી. એમને ક્યા ખબર હતી કે જન્મદિવસ સેલીબ્રેટ કરવા જે ચીજો ખરીદી છે એ જ પાછળથી એમને ગુફામાં ફસાતી વખતે જીવન ટકાવી રાખવા કામમાં આવવાની હતી.

ખેર પ્રેક્ટીસ સેસન પતાવીને ૨૩ જુન શનિવારે લગભગ ૩ વાગે પોતપોતાની સાઈકલો ગુફાના એન્ટરન્સ પાસે પાર્ક કરીને બાળકો ગુફામાં દાખલ થયા ત્યારે ગુફામાં પાણી નહોતું, ગુફા પણ સુકી હતી પણ અચાનક ધોધમાર વરસાદ શરુ થઈ ગયો, જંગલમાં પુર આવ્યું અને પુરના પાણી ગુફામાં ભરાવા લાગ્યા. બાળકો/કોચને લાગ્યું કે થોડા અંદર જતા રહીએ જેથી પાણી ઉતરે પછી બહાર નીકળી શકાય. આમ આ લોકો જેમ જેમ પાણી અંદર આવતું ગયું એમ એમ ગુફાની અંદર જતા ગયા સરવાળે અંદાજે ૪ કિમી જેટલા અંદર ફસાઈ ગયા. એ તો જ્યારે ફસાયેલા બાળકો અને કોચનો વિડીયો સામે આવ્યો ત્યારે ખ્યાલ આવ્યો કે ચોતરફ પાણી વચ્ચે એક ભેખડ પર આ બધા જ કેવા ફસાઈ ગયેલા. રાત સુધી પોતાના પુત્રનો સમ્પર્ક ના થતા એક પિતાએ ફરિયાદ લખાવી એ પછી ખ્યાલ આવ્યો કે આટલા લોકો ક્યાંક ગુમ થઈ ગયા છે. તપાસ કરતા કરતા મધરાતે ગુફાના એન્ટરન્સ પર પડેલી સાઈકલો અને બીજે દિવસે ગુંફામાં આ લોકોના મોજા અને બેગ્સ જોવા મળ્યા અને એક વાતની ખાતરી થઈ ગઈ કે નક્કી બાળકો ગુફામાં જ ફસાયા છે.

પણ પાણીથી છલોછલ ગુફા અને ધોધમાર વરસાદને લીધે છેક ત્રણ દિવસ પછી થાઈ નેવી સીલની ટુકડી ગુફામાં પ્રવેશી શકી. પણ કાદવ જેવું રગડો થઈ ગયેલું પૂરનું પાણી પૂરી ગુફામાં ભરાયેલું હોવાથી ગુફામાં આગળ જવું મુશ્કેલ હતું. ૨૭મી એ ફરી ધોધમાર વરસાદ પડતા કામ અટક્યું, ગુફામાંથી પાણી કાઢવા મુકેલા પંપ પણ ટૂંકા પડ્યા એટલો પાણીનો ભરાવો હતો. ગુફા ઉપરથી પણ સારકામ શરુ કરાયું, ગુફામાં જવાનો બીજો કોઈ રસ્તો હોય તો એની પણ શોધ શરુ થઈ પણ બધું વ્યર્થ. આખી દુનિયા અને ફસાયેલા લોકોના સગાવહાલાઓની પ્રાર્થનાઓ વચ્ચે છેક ૨જી જુલાઈએ બ્રિટીશ ડાઈવરને ફસાયેલા લોકો ક્યાં છે એ શોધવામાં સફળતા મળી. દુનિયાએ પાણીથી ભરપુર ગુફામાં એક ખડક પણ જીવતા બેઠેલા આ ૧૩ લોકોના ચહેરા જોયા. લગભગ નવ દિવસ વિકટ પરિસ્થિતિમાં જીવતા રહેલા અને હસતા હસતા વાત કરતા આ ફૂલ જેવા બાળકોના ચહેરા જોઈને દુનિયાને હાશકારો તો થયો પણ એમને ત્યાંથી બહાર કાઢવાનું અતિવિકટ મિશન હવે શરુ થવાનું હતું અને આગળ લખ્યું એમ પાણીથી ભરપુર ગુફામાં અમુક રસ્